# પ્રાંતિજ પાલિકાના પ્રવેશદ્વાર પર રહિશોએ આક્રોશ સાથે કચરો ઠાલવ્યો

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજમાં છેલ્લા કેટલાય દિવસથી પાલિકાએ હદ વટાવી હોય તેમ વિકાસના કામો તો ક્યાંય બાજુમાં પણ સ્વચ્છતાના નામે મીંડુ છે જેને લઈને કેટલાક રહિશો દ્વારા રોષે ભરાઈ નગરપાલિકામાં આક્રોષ સાથે કચરો ઠાલવ્યો હતો.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખોડીયાર કૂવા વિસ્તારમાં છેલ્લા દસ દિવસથી પાલિકા દ્વારા સ્વચ્છતાને લઈને નિષ્ઠાપૂર્વક

## છેલ્લા દસ દિવસથી નગરપાલિકા દ્વારા કચરો ઉઠાવવામાં ન આવતા રહિશો કચરો નાંખી ગયા

કાર્યવાહી કે કચરો ઉઠાવવામાં ન આવતાં આખરે આ વિસ્તારના રહિશો કચરાના ઢગને લઈને તોબા પોકારી ગયા હતા અને ખોડીયાર કૂવા વિસ્તારમાં રહેતા કેટલાક રહિશોનો પારો તેજ થતાં આક્રોશ સાથે કચરો થેલીઓમાં ભરીને પ્રાંતિજ નગરપાલિકાના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર કચરાનો ઢગ કર્યો હતો. ત્યારે હદ તો એ થાય છે કે છેલ્લા કેટલાય દિવસથી પ્રાંતિજ પાલિકાની કામગીરીથી પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં આવેલ રહિશો તોબા પોકારી ઉઠ્યા છે. જ્યારે કોઈ વિસ્તારમાં કચરો કે કોઈ વિસ્તારમાં પાણી કે કોઈ વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો કે કોઈક વિસ્તારોમાં રસ્તાઓને લઈને કમ્પલેનોનું લાંબુ લીસ્ટ હોવા છતાં પાલિકા દ્વારા રહિશોની પરેસાનીઓ ઓછી કરવાને બદલે હાલ તો વધારો થતો હોય તેવું જોવા મળી રહ્યું છે. ત્યારે તંત્ર પણ પાલિકાની કામગીરીથી ખુશ હોય તેવું હાલ તો જણાઈ આવે છે.

## ગાંધીનગર જિલ્લા ભાજપનો અભ્યાસવર્ગ આજવા મેડીકલ કોલેજ ખાતે યોજાશે

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જિલ્લા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે ગાંધીનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટી જિલ્લા કક્ષાઓનો અભ્યાસવર્ગ પાયોનિયર મેડિકલ કોલેજ આજવા વડોદરા મુકામે રાખેલ છે. આ અભ્યાસ વર્ગમાં જિલ્લાના ૩૦૦ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષ વિજયભાઇ રૂપાણી તેમજ રાજ્ય સરકારના મંત્રીઓ તેમજ પ્રદેશના પદાધિકારીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.



## પાલનપુરમાં દલિત સંગઠન દ્વારા મૌન રેલી યોજાઈ

ઉના દલિત અત્યાચારના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. નેતાઓ દલિતોના આંસુ લુંછવાના નામે રાજકીય રોટલા સેકી રહ્યા છે. ત્યારે ન્યાય મેળવવાની ગુહાર લગાવતા આજે પાલનપુર ખાતે દલિત સંગઠન દ્વારા મૌન રેલી યોજવામાં આવી હતી. આ સમયે ભાજપ સરકારથી ખફા દલિત સમાજના કેટલાક લોકોએ ધર્માંતર કરી બૌદ્ધ ધર્મ અંગિકાર કરવાની જાહેરાત કરતા ચકચાર મચી જવા પામી હતી. પાલનપુર ખાતે આજે બનાસકાંઠા દલિત સંગઠન દ્વારા મૌન રેલી યોજવામાં આવી હતી. ડૉ. આંબેડકરજીની પ્રતિમા પાસેથી નીકળેલી મૌન રેલી શહેરના રાજમાર્ગો પરથી પસાર થઈ વિશ્રામ ગૃહ નજીક જાહેરમાં સભામાં ફેરવાઈ હતી. જ્યાં દલિત સમાજ દ્વારા ભાજપ સરકારના રવૈયા સામે ભારે રોષ વ્યક્ત કરાયો હતો વળી જે સમાજ કે ધર્મ વ્યક્તિને રક્ષણ આપી શકતો નથી તે ધર્મને ત્યજી દેવો જોઈએ તેવા ડૉ. આંબેડકરના વિચારોનો ઉલ્લેખ કરતા દલિત અગ્રણીઓએ ન્યાય નહી મળે તો ધર્માંતર કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

## સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૯મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિનની ઉજવણી સંદર્ભે જાહેર રજા આપવા લોકમાંગણી

ભિલોડા,તા.૨૫

સંયુક્ત રાષ્ટ્ર યુ.એન.એ. ધ્વારા ૯મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિનની ઉજવણી સંદર્ભે જાહેર રજા આપવા પ્રબળ લોકમાંગણી છે. ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ પ્રમુખ, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર યુ.એન.એ. ધ્વારા વિશ્વભરમાં ૯મી ઓગસ્ટે આદિવાસી દિન નક્કી કરેલ છે અને ૧૯૧ દેશોમાં આદિવાસી દિનની ધામધુમથી ઉજવણી તેમજ વિવિધ કાર્યક્રમો ધ્વારા ઉજવણી યોજાય છે.

ગુજરાત મુખ્યમંત્રી આનંદીબેન પટેલને લેખિતમાં રજુઆત કરાઈ છે કે રાજ્યની કુલ વસ્તીના ૧૫ ટકા આદિવાસી વસ્તી હોઈ રાજ્ય સરકાર ધ્વારા અન્ય સમાજોમાં જે રીતે સામાજીક રજા આપવામાં આવે છે તેવી રીતે આદિવાસી દિન નિમિત્તે જાહેર રજા આપવા લોકમાંગણી છે. આ દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.આદિજાતી વિસ્તારની વિશિષ્ટ કામગીરી કરનાર અધિકારીઓ, પદાધિકારીઓને સન્માન કરવું જોઈએ.ટ્રાયબલ વિસ્તારની શાળા, કોલેજોમાં સેમીનારનું આયોજન કરવું જોઈએ. આદિજાતી ધ્વારા પર્યાવરણની થયેલ જાળવણી અને જનત વિશે લોકોને માહિતગાર કરવા જોઈએ. આદિજાતી ધ્વારા વિજ્ઞાન અને વન્ય વનસ્પતીઓ ધ્વારા જે સંશોધનો થયા છે તેનો વિજ્ઞાપન ધ્વારા વ્યાપ વધારવો જોઈએ અને રાજ્ય સરકારના યુવા-સાંસ્કૃતિક વિભાગ ધ્વારા મેળા-ઉત્સવો થવા જોઈએ તેવી પ્રબળ લોકમાંગણી છે.

# ૩૦મી સુધી ગુજરાતમાં વરસાદ

ગાંધીનગર, તા. ૨૫

હાલમાં વરસાદના સારા સંજોગો સર્જાયા છે. આગામી તા. ૩૦મી સુધીમાં ગુજરાતના ઘણા ભાગોમાં સારો વરસાદ પડી શકે છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે જુલાઈ લગભગ પુરો થવા આવ્યો છતાં રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ નથી. ઉત્તર-મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની ગતિવિધિ મધ્યમ કે નબળી જણાય છે. હમણાં ૨૫મી જુલાઈથી હવામાનમાં પલટો આવેલ છે અને કોઈ કોઈ ભાગોમાં વરસાદ થવામાં છે. ઘણી વખત મોસમી પવનોના ભેજમાં જેમાં ભારત જેવા દેશમાં ગુજરાતના પશ્ચિમ ભાગ અથવા તો અન્ય ભાગોમાં વરસાદની ખેંચ રહેતી હોય છે. બંગાળાના ઉપસાગરનું વહન અને અરબી સમુદ્રનું વહન સાથે ચાલે અને વહનનું જોર હોય તો સમયમાં સારો વરસાદ થતો હોય છે. ગ્રહોની દૃષ્ટીએ જોતા અનુરાધા નક્ષત્રમાં શનિ હોતા આવા વિપરીત સંજોગો બનેલા છે. જે અંગે વરસાદના વધુ આવનાર રાઉન્ડ જોવા મળતા હોય છે. અનુરાધા અને જેષ્ઠા નક્ષત્રમાં શનિનું ભ્રમણ ખંડીય વરસાદ કહે છે. ઈ.સ. ૧૯૨૭ અને ૧૯૫૬માં અનુરાધા નક્ષત્રમાં શનિ હોવાથી સારો વરસાદ થવામાં હતો. જ્યારે ૧૯૮૬નું વર્ષ અછતનું હતુ. ભૌગોલિક બાબતો ગ્રહ તેમજ અન્ય આધારે જોતા નૈઋત્ય તેમજ ખાડી પવન વાતા અને મિશ્ર વાયુનું જોર ન હોવાથી રાજ્યમાં વરસાદ નબળો અને સાધારાણ રૂપમાં પડે છે. હમણા પશ્ચિમનો પવન થતાં તેમજ સુર્યા(વાયુ) પવન થતા વરસાદ થયેલ છે. વરસાદનું બીજ વિજ છે. આકાશમાં હમણા સુધી વાદળ હતા પણ વાદળ સાથે મેઘ અને વીજ ગર્જના ન હતી. હવે આકાશમાં વાદળો સાથે વીજના લક્ષણો પણ જણાયેલ છે. એટલે વરસાદની આશા રહે.

ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતા કૃત્તિકનો શનિ હોવા છતાં ગુરૂ સિંહ રાશીમાં હોવાથી વરસાદની શક્યતા રહે. તા. ૨૮ સુધીમાં અલગ અલગ ભાગોમાં વરસાદ થઈ શકે. તેમજ આગામી દિવસોમાં બંગાળના ઉપસાગરનુંવહન સક્રિય થતાં વરસાદની શક્યતા રહે. જુલાઈ તા. ૨૯-૩૦ માં દક્ષિણ ગુજરાત, દક્ષિણ સૌરાષ્ટ્ર અને રાજ્યના અલગ અલગ ભાગોમાં વરસાદની શક્યતા રહે. જ્યારે ઓગષ્ટ તા. ૭ સુધીમાં રાજ્યના ઘણા ભાગોમાં વરસાદની વકી રહે. વરસાદ અંગે જોતા જીવ યોનીના જીવોની ગતિવિધિ જણાતી નથી. જળચર જીવોની ગતિવિધિથી જણાતી નથી. દરચર જીવોની ગતિવિધિ જણાતી નથી. ઈંડાળી કીડીઓની પણ ગતિવિધિ જણાતી નથી. આકાશ અને પૃથ્વી વચ્ચેમાં વાતાવરણમાં ઠંડક જણાતી નથી. વાદળોમાં ઠંડક હોય તો વરસી શકે. વળી ચીન વગેરે ભાગોમાં વરસાદ થતાં પેસીફિક મહાસાગર ખાડી પવનના લહેરો આવે છે પરંતુ આસામ તેમજ દેશની જુદા જુદા ભાગોમાં સાધારણ વરસાદ થાય છે. પરંતુ હવે વરસાદ થશે.



## ઉદ્યોગ ભવન સંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

સમગ્ર ઉદ્યોગભવન સંકુલનું રીપેરીંગ મેન્ટેનન્સની જવાબદારી સંભાળતી ગુજરાત ઉદ્યોગભવન સોસાયટી દ્વારા વૃક્ષ ઉછેર કાર્યક્રમને જીવંત બનાવીએ તે હેતુથી ઉદ્યોગભવન સંકુલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધિક ઉદ્યોગ કમિશનર જે.સી.ચુડાસમા, એચ.ડી. શ્રીમાળી તથા સંયુકત ઉદ્યોગ કમિશનર જી.આઈ. દેસાઈ હાજર રહ્યા હતા.

# ધનસુરાના નવા બિલવાણીયાની સગીર યુવતીનું મંગેતરની હાજરીમાં જ યુવક અપહરણ કરી ફરાર

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોય તેમ એક પછી એક ગુન્હાહિત પ્રવૃત્તિઓમાં વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લા પોલીસતંત્રની નિષ્ક્રિયતાથી અસામાજીક તત્વો ફાટીને ધુમાડે ગયા છે. ધનસુરા તાલુકાના નવા બીલવાણીયા ગામની મહિલા તેના મંગેતર સાથે વડાગામ તરફ જઈ રહી હતી ત્યારે ગામનો જ યુવકે યુવતીના મંગેતરને ગડદાપાટુનો માર મારી સગીર કિશોરીને બાઈક પર બેસાડી ફરાર થઈ જતા સગીરાનો મંગેતર હિબકાઈ ગયો હતો. ધનસુરા પોલીસે અપહરણનો ગુન્હો નોંધી ફરાર બાઈકચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા નારી-શસક્તિકરણ માટે મોટાપાયે જાહેર ખબરો અને કાર્યક્રમો દ્વારા અબળા નારીને સબળા નારી બનાવવા વિવિધ

## કિશોરીનું ધોળે દિવસે અપહરણથી પોલીસ હરકતમાં

યોજનાઓ અમલમાં મુકી છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં મહિલાઓ પર અત્યાચાર અને મહિલા લક્ષી ગુનાઓમાં એકાએક વધારો થતા તાલુકાના પ્રજાજનો ધનસુરા પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠાવી રહ્યા છે. ધનસુરા તાલુકાની નવા બિલવાણીયા ગામની સગીર વયની કિશોરીનું સગપણ નવલપુર ગામના યુવાન સાથે સામાજીક રીત રીવાજ મુજબ કરવામાં આવ્યા હતા. તેના ભાવિ પતિ સાથે વડાગામ તરફ જઈ રહી હતી ત્યારે નવા બિલવાણીયા ગામનો જ યુવક સુરેશ મોટર સાયકલ લઈને ધસી આવ્યો હતો અને કિશોરીના મંગેતર સાથે મારપીટ કરી ધાક ધમકી આપી મંગેતર સાથે રહેલી કિશોરીને બળજબરી પૂર્વક મોટરસાયકલ પર બેસાડી અપહરણ કરી ફરાર થઈ જતા મંગેતરની આંખો સામેજ તેની ભાવિ પત્નિના અપહરણથી બેહાકળો બની ગયો હતો. આ અપહરણની ઘટના અંગે ધનસુરા પોલીસમથકે ફરિયાદ નોંધાતા ધનસુરા પોલીસે નવા બિલવાણીયા ગામના યુવક સામે અપહરણનો ગુન્હો નોંધી અપહરણકાર યુવકની ચુંગાલમાંથી કિશોરીને છોડાવવા અને આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ધનસુરા વડાગામ માર્ગ પર ધોળેદહાડે સગીરવયની કિશોરીનું અપહરણ થતા ધનસુરા મથકમાં ચકચાર મચી ગઈ છે. ધનસુરાના ગામડાઓમાં માતા-પિતા પોતાની દિકરીઓની સલામતી અંગે ચિંતાતુર બની ગયા છે.

## પ્રસુતા મહિલાઓ...

● ત્રીજા પાનાનું ચાલુ

પ્રસુતા મહિલા તેમજ બાળકની ચિંતા કરીને સરકારે ખિલખિલાટ વાનની સુવિધા પુરી પાડી છે. જેથી મહિલાઓને બાળક સાથે તેઓના ઘરે સુરક્ષિત મુકી આવવાની વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી છે. ત્યારે ગાયનેક વોર્ડમાં મહિલાઓને બાળક સાથે બિછાને સુવાનુ નસીબ નથી. હોસ્પિટલના ત્રીજા માળે આવેલા પીએનસી વોર્ડમાં અંદાજે ૩૦ બેડની વ્યવસ્થા છે.જેમા વધુ દર્દીઓ આવતા તેઓને નીચે સુવાનો વારો આવ્યો છે. જયારે બિલકુલ તેની સામે આવેલ વોર્ડમાં ઘણાખરા બેડ ખાલી છે. છતા તંત્ર દ્વારા ત્યાં અથવા બીજે કયાય યોગ્ય જગ્યાએ વ્યવસ્થા કરવાની તસ્દી લીધી નથી.સ્થાનિક ધારાસભ્ય, મયેર સહિતના નેતાઓ પણ દર્દથી કણસી રહેલા દર્દીઓનો ખ્યાલ રાખવામાં ઉદાસીન પુરવાર થયા હોય તેવુ લાગી રહ્યું છે.વખતો વખત ફળોનુ વિતરણ કરી પ્લાસ્ટીક સ્માઈલ સાથે ફોટો ફંકશનમાં ભાગ બનતા નેતાઓ હોસ્પિટલમાં દર્દીઓનુંદર્દ મહેસુસ કરી શકતા નથી તે સ્પષ્ટ થયું છે. તો બીજીતરફ હોસ્પિટલના તબિબિ અધિક્ષક પણ ગાયનેક વોર્ડના હેડ છે છતા તેઓનું ધ્યાન આ પરિસ્થિતિ પર ગયું નથી કે કોઈ અધિકારીએ તેઓનુ ધ્યાન દોર્યુ નથી. જે હોય તે પણ મહિલા દર્દીઓ પોતાના વ્હાલસોયા સાથે નીચે સુઈને સારવાર મેળવી રહી છે.




પૂ. ઈન્દુકાકા ઈપ્કોવાળાની નવમી પૂર્ણતિથિના પ્રસંગે ઈપ્કોવાળા બેન્કવેટ હોલમાં સેવા નારાયણ વંદના સમારંભ યોજાયો હતો. વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં આધ્યાત્મ-આરોગ્ય અને અભ્યાસ માટે કાર્ય કરતી અનેક સંસ્થાઓને દાન અર્પણ કરાયા હતા. ઈપ્કો પરિવારના સભ્યો દ્વારા ઉપસ્થિત મહેમાનોના હસ્તે જે તે સંસ્થાના પ્રતિનિધિઓએ ચેક સ્વીકાર્યા હતા. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય વેળાએ પૂ. ઈન્દુકાકાના પુત્રવત જમાઈ દેવાંગભાઈ પટેલ, ગુણવંતભાઈ શાહ, સુરેન્દ્રભાઈ પટેલ, પૂ. ડાહ્યાભાઈ શાસ્ત્રી, અંબાપ્રસાદજી મહારાજ, દેવપ્રસાદજી મહારાજ, ગણેશદાસજી મહારાજ, નિર્ગુણદાસજી મહારાજ સહિત શહેરના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્માના પરોયા રોડ પરના બે ગલ્લામાં તસ્કરો ત્રાટક્યા

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા શહેરના પરોયા રોડ ઉપરના બે ગલ્લામાં તસ્કરોએ હાથ ફેરો કર્યો હતો. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર રવિવારની રાત્રે પરોયા રોડ ઉપર પાન-બીડી તથા ગુટખાના બે ગલ્લાના તાળા તોડી અજાણ્યા ચોર ઈસમોએ બન્ને ગલ્લાની પરચૂરણ રૂપીયા ૫૬૦૦ તથા પાન-બીડી જેવો સામાનની ચોરી કરી હતી. ઉપરાંત જીવદયાની દાનપેટીમાંથી રૂ. ૮૦૦ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે ગલ્લાના માલીક કનુભાઈ મકનાભાઈ પટેલે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી હતી.

# કચ્છ સૌરાષ્ટ્રને પીવાનું પાણી પુરૂ પાડવા આગોતરૂ આયોજન

ગાંધીનગર, તા. ૨૫

કચ્છ અને સૌરાષ્ટ્રમાં આગામી દિવસોમાં પીવાના પાણીની તંગી ઉભી થાય તો પીવાનું પાણી પુરતા પ્રમાણમાં પહોંચાડવા માટેનું આગોતરૂ આયોજન પાણી પુરવઠા વિભાગ દ્વારા ઘડી કાઢવામાં આવ્યું છે.

રાજ્યમાં વરસાદ ખેંચાતા કચ્છ અને સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની સ્થિતિ અંગે અને ભાવી આયોજન અંગે આજે રાજ્યના પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ અને જામનગર રાજકોટ જુનાગઢ જિલ્લાના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરો સાથે એક બેઠક યોજાઈ હતી. આ બેઠક અંગેની વિગતો આપતા રાજ્યના પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં વરસાદ ખેંચાતા અમરેલી અને ભાવનગર સિવાય કચ્છ, જામનગર રાજકોટ અને જુનાગઢ જિલ્લાના ડેમોમાં નવા પાણીની આવક થઈ નથી જેના કારણે આ ડેમોમાં પાણીનો જથ્થો ઓછો થઈ ગયો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ઓગષ્ટ મહિના દરમ્યાન જો રાજ્યમાં અને તેમાં ખાસ કરીને કચ્છ સૌરાષ્ટ્રમાં સારો વરસાદ ન થાય અને ડેમોમાં નવા પાણીની આવક ન થાય તો ઉભી થનારી પીવાના પાણીની સ્થિતિને પહોંચી વળવા માટે આગોતરૂ આયોજન ઘડી કાઢવાનું નક્કી કરવામાં આવ્યું છે. કચ્છ અને સૌરાષ્ટ્રને જરૂર પડે પીવાનું પાણી પુરૂ પાડવા માટે ૧૦ દિવસમાં એક યોજના ઘડી કાઢવામાં આવશે.

## ડીન પ્રભાવિત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાયકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરાયા બાદ રોજીંદા જનજીવનમાં નાગરિકો વિશેષ રીતે આ પ્રોજેકટનો લાભ લઈ રહયા છે. પર્યાવરણ બચાવો અને તંદુરસ્તી જાળવોના અભિગમ સાથે નગરને સ્વચ્છ અને સુંદર રાખવાના ઉદેશ સાથે શરૂ કરાયેલા ગુડાના સાઈકલ શેરીંગ પ્રોજેકટ અન્વયે મુલાકાતીઓને વિનામુલ્યે સાયકલની સવારી નસીબ થાય છે. આજે પબ્લિક પોલીસી નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપુરના ડીન એડયુઅર્ડ એરાલે આ સાયકલ શેરીંગ પ્રોજેકટની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ સિંગાપુર યુનિના ડીને સાઈકલ સવારીના આ પ્રોજેકટનો અનુભવ કર્યો હતો. સિંગાપુરની આ ટીમ ગુજરાતના વિકાસથી પણ પ્રભાવિત થઈ હતી.તેમણે ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને આગળ વધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ દરમિયાન અધિક કલેકટર જી એન એફ સી ના અધિકારી, નિવૃત સનદી અધિકારી પી એલ દરબાર તેમજ સિનિયર નગર નિયોજક તેમજ કાર્યપાલક ઈજનેર પણ ઉપસ્થિત રહયા હતા.

## ટેન્ડરો મંજૂર કરાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાડી ભાડે મેળવવા માટે કમિશનરને સત્તા આપવામાં આવી છે.

સ્થાયી સમિતિએ ફાયર શાખા માટે મીની ફાયર ટેન્ડર જી.એલ.ડી.એમ.એ. મારફતે ખરીદવાનો પણ નિર્ણય કર્યો છે. આ ફાયર ટેન્ડરની કિંમત રૂ. ૫૦ લાખ જેટલી થવા જાય છે. આ ટેન્ડર આવતાં ફાયર સેવાઓ વધુ આધુનિક બનશે. સ્થાયી સમિતિએ પ્લાસ્ટિક કેરી બેગનો ઉપયોગ કરવા માટે ૫૦ માઈક્રોનની થેલી અને તેના માટે માસિક રૂ. ૪ હજારની ફઈ નિયત કરવાનો પણ મહત્વનો નિર્ણય લીધો છે. વેપારી જગતે આ અંગે નોંધાવેલા વિરોધને સ્થાયી સમિતિએ ગ્રાહ્ય રાખ્યો નથી. આ માટે કમિશનરને પણ લેખિતમાં અને મૌખિકમાં રજુઆતો કરવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. આજની આ બેઠકમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મળેલ રૂ. ૨૫ કરોડની ગ્રાન્ટમાંથી પણ વિવિધ કામોનું આયોજન કરવા માટેની દરખાસ્તને બહાલી આપવામાં આવી છે. ચીફ ઓફિસરની જગ્યા પણ આઉટ સોર્સિંગથી ભરવાની દરખાસ્તને આ બેઠકમાં બહાલી આપવામાં આવી છે.

## સલમાન નિર્દોષ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

બન્યો હતો. આ ઉપરાંત બનાવ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ના દિવસે ઘોડા ફાર્મ બનાવો બન્યા હતા. જ્યારે શિકારના બનાવ બન્યા ત્યારે સુરજ બડજાતિયાની ફિલ્મ હમ સાથ સાથ હે ફિલ્મ બની રહી હતી. રવિવારના દિવસે અધિકારીઓએ માહિતી આપી હતી કે સોમવારના દિવસે ચુકાદો આપવામાં આવશે. લોકોમાં ચર્ચા હતી કે જો હાઈકોર્ટ ચુકાદો આપશે અને દોષિત ઠેરવશે તો સલમાન ખાનને જેલમાં જવાની જરૂર પડશે. સલમાન ખાન હમ સાથ સાથ હે ફિલ્મ માટે શુટિંગ કરી રહ્યોહતો ત્યારે બનાવ બન્યો હતો. ગેરકાયદે શિકારના કેસમાં સાત અન્ય દોષિત છે. સલમાન ખાન આ મામલે આ કેસમાં જોધપુર જેલમાં જઈ ચુક્યો છે.

## પંજાબથી દૂર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી સ્થિતિમાં સિદ્ધુ પોતાની જડ અને પોતાના વતનને કઈ રીતે છોડી શકે છે. સિદ્ધુએ ઈમોશનલ શાયરનો અંદાજ પણ દર્શાવ્યો હતો. પત્રકાર પરિષદમાં સિદ્ધુએ ભાજપ છોડવાની જાહેરાત પણ કરી ન હતી પરંતુ તેમના પત્ની અને ભાજપના ધારાસભ્ય નવજોતકૌર સિદ્ધુએ કહ્યું હતું કે રાજયસભાથી રાજીનામું આપવાનો મતલબ પાર્ટી પણ છોડી દીધી છે. નવજોત સિદ્ધુએ કહ્યું હતું કે પાર્ટીએ તો કહી દીધું છે કે પંજાબ છોડી દો પરંતુ તે એવા લોકોમાં સામેલ છે જે પંજાબને ક્યારેય છોડશે નહીં. છેલ્લા ૧૦ વર્ષથી જે લોકોએ તેમના ઉપર વિશ્વાસ મુક્યો છે તેમની સાથે વિશ્વાસઘાત કરી શકાય નહીં. સિદ્ધુએ છેલ્લી ચૂંટણીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે કઈ રીતે આસપાસના રાજ્યોમાં ભાજપની ખરાબ સ્થિતિ છતાં પંજાબમાં પોતાની સીટ જીતીને દર્શાવી હતી. સિદ્ધુએ નાણામંત્રી અરૂણ જેટલીના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે તે કઈ રીતે તેને ચૂંટણીમાંથી દુર રહેવા માટે કહેવામાં આવ્યું હતું. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં સિદ્ધુને દુર કરીને અરૂણ જેટલીને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. સિદ્ધુએ કહ્યું હતું કે જ્યારે મોદી લહેર આવી ત્યારે તે પણ ડુબી ગયો હતો. તેને અમૃતસર સીટ છોડવા કહેવામાં આવ્યું હતુંઅને ખુશીથી આ સીટ છોડી દીધી હતી. ત્યારબાદ કુરુક્ષેત્રથી લડવા કહેવામાં આવ્યું હતું. પંજાબ નહીં છોડવાનો નિર્ણય તેઓ કરી ચુક્યા છે. તેમણે ઉમેર્યું હતું કે સિદ્ધુને પદની કોઈ લાલચ નથી. પંજાબના હિતની વાત થશે ત્યારે ચોક્કસપણે સિદ્ધુ દેખાશે.

## કેસ મળી આવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લારવેલની કામગીરી કર્યા બાદ હવે એબેટ ડે પણ કાલે ઉજવવાનો નિર્ણય કરેલ છે. જિલ્લામાં આ સિઝનમાં ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ મળી આવવાની પ્રથમ ઘટના છે. તંત્ર દ્વારા તકેદારીના તમામ પગલાં હાથ ધરવામાં આવ્યા છે. બે દિવસ પૂર્વે ગિફ્ટ સીટી વિસ્તારમાંથી પણ મેલેરિયાના બે પોઝીટીવ કેસ મળી આવ્યા હતાં આ વિસ્તારમાં ચાલતા કન્સ્ટ્રક્શન કામોઅને વરસાદી પાણી ભરાઈ રહેતા હોવાને કારણે તે સંવેદનશીલ વિસ્તાર બન્યો છે. તંત્રએ અહિ સઘનતાથી કામગીરી હાથ ધરી છે.

## ભારતની જીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેદાન ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટમાં ભારતે પ્રથમ દાવમાં આઠ વિકેટ ૫૬૬ રન બનાવી દાવ ડિકલેર કર્યો હતો. જેના જવાબમાં વિન્ડીઝની ટીમ ત્રીજા દિવસે માત્ર ૨૪૩ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જેથી તેને ફોલોઓન કરવાની ફરજ પડી હતી. ખાસ કરીને વિન્ડીઝના ટોપ ઓર્ડરના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ભારત તરફથી મોહમ્મદ સામી અને ઉમેશ યાદવે પ્રથમ દાવમાં ચાર ચાર વિકેટો લીધી હતી. ત્રીજા દિવસની રમત બંધ રહી ત્યારે વિન્ડીઝે તેના બીજા દાવમાં એક વિકેટ ગુમાવીને ૨૧ રન કર્યા હતા.